આણંદ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન શાખાની મુલાકાતે પહોંચેલા રાષ્ટ્રીય અને રાજ્ય પ્રમુખોનું મહામંથન

ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટની સામે મેડિકલ એસોસિએશન લાલઘૂમ

નાની હોસ્પિટલોની મુશ્કેલીઓ મુદ્દે આરોગ્ય મંત્રી સમક્ષ રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ સ્થિત ઇન્ડિયન મેડિકલ એસોસિએશન શાખાની રાષ્ટ્રીય પ્રમુખ ડો. અનિલ નાયક અને ગુજરાત સ્ટેટ પ્રમુખ ડો. અનિલ પટેલે મુલાકાત લઈને તબીબી ક્ષેત્રના સળગતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ મુલાકાત દરમિયાન ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ નાની અને મધ્યમ



કદની ખાનગી હોસ્પિટલોને રજિસ્ટ્રેશન તથા વિવિધ કડક જોગવાઈઓના પાલનમાં પડતી વ્યવહારિક મુશ્કેલીઓનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો. આ અંગે એસોસિએશનના પ્રતિનિધિમંડળે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાની રૂબરૂ મુલાકાત લઈ તબીબો અને હોસ્પિટલ સંચાલકોની રજૂઆતો પહોંચાડી હતી.

રાજ્યમાં ખાનગી અને કોર્પોરેટ હોસ્પિટલો માટે નિયમોનું પાલન જરૂરી છે, પરંતુ નાના કદના દવાખાનાઓ માટે કેટલીક જોગવાઈઓ વ્યવહારિક રીતે કઠિન બનતી હોવાથી સુધારાની માંગ કરાઈ છે. રાષ્ટ્રીય નેતૃત્વએ આણંદ શાખા દ્વારા સફળતાપૂર્વક યોજાયેલી નેશનલ કોન્ફરન્સ અને મજબૂત સંગઠનાત્મક માળખાને બિરદાવી, રાજ્યની અન્ય શાખાઓ માટે તેને પ્રેરણારૂપ મોડેલ ગણાવ્યું હતું.

આગામી 31મી ઓક્ટોબર અને 1લી નવેમ્બરના રોજ મહેસાણા ખાતે યોજાનારી સ્ટેટ એન્યુઅલ કોન્ફરન્સમાં મહત્તમ તબીબોને જોડાવા અપીલ કરાઈ હતી. હાલ ગુજરાતમાં 42 હજાર અને રાષ્ટ્રીય સ્તરે 6.5 લાખથી વધુ સભ્યો ધરાવતા આ સંગઠનની શક્તિ વધારવા સક્રિય ભાગીદારી પર ભાર મૂકાયો હતો.

આ પ્રબળ રજૂઆત વેળાએ આણંદ ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો. મિનેશ ત્રિવેદી, સેક્રેટરી ડો. પ્રિયંક પટેલ, ટ્રેઝરર ડો. જૈમિન પટેલ, ડો. જીતેશ દેસાઈ, ડો. શૈલેષ શાહ, ડો. હેમંત ભટ્ટ અને ડો. રાજીવ પાલીવાલ સહિતના અગ્રણી તબીબો હાજર રહ્યા હતા.

મહીસાગર જિલ્લા પોલીસ વડાએ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેક્શન કર્યું



મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસને લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેક્શન હાથ ધરી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ, ગુના રજિસ્ટર અને રેકર્ડની ઝીણવટભરી ચકાસણી કરી હતી. આ તપાસ દરમિયાન તેમણે પોલીસ સ્ટેશન હેઠળની તમામ શાખાઓ, મુદ્દામાલ રૂમ અને વહીવટી વિભાગોની કામગીરીનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ બાદ યોજાયેલી સમીક્ષા બેઠકમાં તેમણે પ્રજાલક્ષી સેવાઓ વધુ ઝડપી તથા પારદર્શક બનાવવા અને ગુનાખોરી પર અંકુશ મેળવવા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં અરજદારોના પ્રશ્નોનું ન્યાયી નિવારણ લાવવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી, જેમાં ટાઉન પોલીસ સ્ટેશનના PI, PSI સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

તસવીર : ચિંતન પટેલ

સર્વેયરોની હડતાળથી જમીન દફ્તરની કામગીરી પડી ભાંગી

પ્રોપર્ટીકાર્ડ, વારસાઈ સહિતનાં કામ માટે આવતા અરજદારોને ધરમધક્કા

(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ જિલ્લામાં જમીન દફ્તર કચેરીના સર્વેયરો ગ્રેડ-પેના મુદ્દે તા. ૨૧ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. હડતાળને એક અઠવાડિયાથી વધુ સમય વીતી જતાં જમીન દફ્તર કચેરીની કામગીરી પર તેની સીધી અસર જોવા મળી રહી છે. પ્રોપર્ટીકાર્ડમાં નામ ચઢાવવા, સિટી સર્વેમાં વારસાઈ દાખલ કરાવવા સહિતનાં જરૂરી કામો માટે કચેરીએ આવતા અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે.

જમીન દફ્તર કચેરીની કામગીરી મિલકતધારકો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. મિલકતના રેકર્ડમાં નામ દાખલ કરાવવાથી માંડી પ્રોપર્ટીકાર્ડમાં સુધારા, વારસાઈ નોંધ સહિતની કામગીરી માટે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો કચેરીએ આવતા હોય છે. જોકે, સર્વેયરોની હડતાળના કારણે સંબંધિત કામગીરીને અસર થતાં અરજદારોની મુશ્કેલી વધી છે.

આણંદ જિલ્લાના આણંદ, બોરસદ, ઉમરેઠ, આંકલાવ, પેટલાદ, સોજીત્રા, ખંભાત અને તારાપુર તાલુકાની જમીન દફ્તર કચેરીઓમાં હડતાળની અસર જોવા મળી રહી છે. ખાસ કરીને દૂરના ગામડાઓમાંથી જરૂરી દસ્તાવેજો સાથે કચેરીએ પહોંચતા અરજદારોને કામગીરી ન થતાં પરત ફરવાની ફરજ પડી રહી છે.

સર્વેયરો દ્વારા ગ્રેડ-પેના પ્રશ્નના ઉકેલની માંગ સાથે હડતાળ શરૂ કરવામાં આવી છે. હડતાળ અચોક્કસ મુદતની હોવાથી કામગીરી ક્યારે પૂર્વવત થશે તે અંગે અરજદારોમાં અનિશ્ચિતતા છે.

આ હડતાળ વધુ લંબાય તો વિવિધ પ્રકારની અરજીઓનો ભરાવો વધવાની સાથે પેન્ડિંગ કામગીરીનો બોજ પણ વધી શકે છે. અરજદારોના હિતમાં સર્વેયરોના પ્રશ્નનો વહેલી તકે ઉકેલ આવે તેવી માંગ ઉઠી રહી છે. આ હડતાલ સમાપ્ત થાય તો પ્રજાકીય કામો આગળ વધે.

મહુધાના અલીણા ગામમાં પશુપાલક યુવકો પર હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

મહુધા તાલુકાના અલીણા ગામે ગૌચર જમીનમાં ગાયો ચરાવવા અને મહી કેનાલ પર પાણી પીવડાવવા ગયેલા ભરવાડ સમાજના યુવકો પર ખેતરનો બગાડ થશે તેમ કહી ચાર ઈસમોએ લાકડીઓ અને ગળદાપાટુ વડે હુમલો કર્યો હતો.

આ બનાવની વિગત અનુસાર, અલીણા ગામના રામનગરમાં રહેતા દેવસિંહભાઈ વસરામભાઈ ભરવાડ તથા તેમના પરિવારના સભ્યો ગૌચર જમીનમાં ગાયો ચરાવવા નીકળ્યા હતા. બપોરે મહી કેનાલ પર ગાયો પાણી પીતી હતી ત્યારે ગામના રઈજીભાઈ રામજીભાઈ કોળી તથા તેમના પત્ની મીનાબેને આવી અહીં મરચી વાવેલ છે, ગાયો આ બાજુ લાવવી નહીં તેમ કહી અપશબ્દ કહ્યાં હતાં. ગૌચરમાં ગાયો ચરાવતા હોવાનું કહેતાં રઈજીભાઈ ગળદાપાટુનો માર મારવા લાગ્યા હતા. દરમિયાન પ્રભુભાઈ રામજીભાઈ કોળી અને ભીખાભાઈ કરમણભાઈ કોળી લાકડીઓ લઈને દોડી આવ્યા હતા. પ્રભુભાઈએ દેવશીભાઈના માથામાં અને ભીખાભાઈએ વચ્ચે પડેલા ગોરાભાઈના માથામાં લાકડી ફટકારી દેતાં તેઓ નીચે પડી ગયા હતા.

આ ઉપરાંત ભાવેશભાઈને પણ ગાળ પર માર મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. આ હુમલો કર્યા બાદ ચારેય જણાએ ફરી આ બાજુ ગાયો ચરાવવા આવશો તો જોયા જેવી થશે તેવી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મહુધા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના હાથનોલીનો મુખ્ય રસ્તો પહોળો કરવા ગ્રામજનોની ઉગ્ર માંગ

ડભાણથી હાથનોલી માર્ગ સાંકડો હોવાથી અકસ્માતનો ભય અને ટ્રાફિક સમસ્યા વકરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

નડિયાદ તાલુકાના હાથનોલી ગામના મુખ્ય રસ્તાને પહોળો કરવા માટે ગ્રામજનો દ્વારા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. ડભાણથી હાથનોલી આવતો માર્ગ સાંકડો હોવાના કારણે અકસ્માતોની સંખ્યા વધી રહી છે અને ટ્રાફિક જામની સમસ્યા વચ્ચે વાહનચાલકો તથા સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.



હાથનોલી ગામની વધતી વસ્તી અને વાહનોના વધારાના કારણે આ રસ્તા પર ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું છે. સાંકડા રસ્તા પર સામસામે વાહનો આવી જતાં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. આ રસ્તા પરથી ડભાણની શાળાએ જતી દીકરીઓ અને વિદ્યાર્થીઓની બસો પસાર થતી હોવાથી વાલીઓ તેમની સુરક્ષાને લઈને ભારે ચિંતિત છે. ઉલ્લેખનીય છે કે આ માર્ગ માત્ર બે ગામ પૂરતો સીમિત નથી; અનેક વાહનો રેગામ થઈને મહેમદાવાદ તરફ જાય છે તથા હાથનોલીથી મોટી સિલોડ અને નાની સિલોડ થઈને અમદાવાદ-ડાકોર હાઈવે તરફ જતાં હોવાથી અહીં રાત-દિવસ ભારે અવરજવર રહે છે.

આ સમસ્યાથી કાયમી મુક્તિ મેળવવા માટે ગામના રહેવાસી રાજેશભાઈ નટુભાઈ પટેલ દ્વારા તમામ ગ્રામજનો વતી માર્ગ અને મકાન (ખેડા) વિભાગના કાર્યપાલક ઈજનેર, નડિયાદને 2 ઓક્ટોબર 2026ના રોજ લેખિત અરજી આપવામાં આવી છે. આ અરજી પર ગામના અનેક નાગરિકોએ સહીઓ કરી છે. આ ઉપરાંત, ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, મહુધાના ધારાસભ્ય અને હાથનોલીના સરપંચને પણ અરજીની નકલ મોકલીને વહેલી તકે રસ્તો પહોળો કરવાની કામગીરી શરૂ કરવા માંગ કરવામાં આવી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આંકલાવ પોલીસ દ્વારા આસોદર આઈટીઆઈ ખાતે ડ્રગ્સ અવેરનેસ ડ્રાઇવનું આયોજન

આંકલાવ | નશા મુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા આંકલાવ પોલીસ સ્ટેશન દ્વારા ડ્રગ્સ અવેરનેસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આસોદર આઇ.ટી.આઇ. મુકામે આંકલાવ પોલીસ ઇન્સ્પેક્ટર આર.બી. વનાર દ્વારા વિદ્યાર્થીઓને માદક પદાર્થો સામે જાગૃત કરાયા હતા. આ કાર્યક્રમ દરમિયાન ડ્રગ્સ તેમજ અન્ય નશીલા પદાર્થોના સેવનથી થતી શારીરિક, માનસિક અને આર્થિક બરબાદી વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. માદક પદાર્થોના દૂષણ સામે સમાજમાં વ્યાપક જનજાગૃતિ ઊભી કરવાના ઉદ્દેશ્ય સાથે આ ઝુંબેશ યોજવામાં આવી હતી.



આણંદમાં માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત પોલીસ અને આઈટીઓ દ્વારા ટ્રાફિક જાગૃતિ બાઇક રેલી યોજાઈ



આણંદ | આણંદ જિલ્લા અને શહેર ટ્રાફિક શાખા તેમજ આરટીઓના સંયુક્ત ઉપક્રમે માર્ગ અકસ્માતો ઘટાડવા અને વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરવા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધીક્ષક જી. જી. જસાણી દ્વારા ફ્લેગ ઓફ કરાવવામાં આવેલી આ રેલીમાં પોલીસ અને આરટીઓ વિભાગની કુલ ૭૫ બાઇકો ટ્રાફિક જાગૃતિના બેનરો સાથે જોડાઈ હતી. આ બાઇક રેલી નેશ્રમ શાખા (SP કચેરી) થી શરૂ થઈ બોરસદ ચોકડી, એલેકોન સર્કલ અને જનતા ચોકડી થઈને કરમસદ સરદાર પટેલ મેમોરિયલ હોલ ખાતે પૂર્ણ થઈ હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ચારુસેટમાં ડો. નિમિત ઓઝાનો 'જીવનને થેન્ક યુ, પડકારોને વેલકમ' વિષય પર પ્રેરણાદાયી સંવાદ યોજાયો

આણંદ | ચારુસેટ યુનિવર્સિટીના KRC અને HRDC દ્વારા 'KRC Author Talk Series' અંતર્ગત જાણીતા લેખક અને મોટિવેશનલ



સ્પીકર ડો. નિમિત ઓઝાનું પ્રેરણાદાયી વક્તવ્ય યોજાયું હતું. CMPICA ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે 'જીવનને થેન્ક યુ, પડકારોને વેલકમ - જીવન, પરીક્ષા અને આત્મશોધનો સંવાદ' વિષય પર વિચારપ્રેરક વક્તવ્ય આપ્યું હતું. ડો. ઓઝાએ યુવાનોને લવ, જોશ અને મહત્વાકાંક્ષા જેવા લક્ષ્યો સાથે સપના જોવા તથા જીવનમાં સેલ્ફ-માસ્ટરી અને શિસ્ત કેળવી આત્મશોધ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે પરિણામની ચિંતા કર્યા વિના વર્તમાન ક્ષણમાં જીવીને સતત શીખતા રહેવાનો સંદેશ આપ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ અંગેનો બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ સંપન્ન

આણંદ | વલ્લભ વિદ્યાનગરસ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ગુજરાત સરકારના RUSAના સહયોગથી "From Access to Impact" વિષય પર યોજાયેલ બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક સમાપન થયું છે. આ સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ પ્રો. (ડો.) હર્ષદ પટેલે શિક્ષણને ચારિત્ર્યઘડતર, સેવા, સંવેદના અને સામાજિક



જવાબદારી સાથે જોડવા પર વિશેષ ભાર મૂક્યો હતો. અધ્યક્ષસ્થાનેથી કુલપતિ પ્રો. (ડો.) નિરંજનકુમાર પી. પટેલે પરિસંવાદથી શરૂ થયેલા શૈક્ષણિક સંબંધો અને સંશોધન સહયોગોને ભવિષ્યમાં વધુ આગળ વધારવા આહવાન કર્યું હતું.

આણંદ જિલ્લામાં હડકવા મુક્ત સમાજ માટે જનજાગૃતિ અભિયાન હાથ ધરાયું

આણંદ | આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વિશ્વ હડકવા દિવસ નિમિત્તે GVK EMRI ની ફરતા પશુ દવાખાનાની ટીમ દ્વારા હડકવા (રેબીઝ) રોગ અંગે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશ હેઠળ શાળાના વિદ્યાર્થીઓ, પશુપાલકો અને ગ્રામજનોને



હડકવાના લક્ષણો, સંક્રમણના કારણો અને બચાવના ઉપાયો વિશે સરળ ભાષામાં માહિતી પૂરી પાડવામાં આવી હતી. વેટરનરી તબીબોએ કૂતરા-બિલાડી જેવા પાલતુ પ્રાણીઓનું સમયસર રસીકરણ કરાવવા તથા પ્રાણી કરડે ત્યારે ઘાને સાબુ અને વહેતા પાણીથી ધોવા ખાસ ભાર મૂક્યો હતો.

નડિયાદ એસટી ખાતે કમલેશ સેવકનો વિદાય સન્માન સમારંભ યોજાયો

નડિયાદ | નડિયાદ GSRTC ખાતે લાંબા સમયની નિષ્ઠાપૂર્વકની સેવાઓ બાદ કમલેશ સેવકનો વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને સહકર્મીઓ દ્વારા તેમનું પુષ્પગુચ્છ, સ્મૃતિચિહ્ન તથા શાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ કમલેશ સેવકની ફરજ પ્રત્યેની



નિષ્ઠા અને પ્રશંસનીય કામગીરીને બિરદાવી તેમના ઉત્તમ નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમના અંતે કમલેશ સેવકે પોતાના સેવાકાળના સ્મરણો વાગોળી તમામ સાથી કર્મચારીઓ અને એસ.ટી. નિગમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

કપડવંજના થવાદ ખાતે 'આંગણ ઉત્સવ' ની ભાવભરી ઉજવણી: બાળ કલ્યાણ સાથે કાર્યકરોનું બહુમાન

કપડવંજ | તાલુકાના થવાદ ગામના આંગણવાડી કેન્દ્ર-૨ ખાતે સરકારશ્રીના આંગણ ઉત્સવ અંતર્ગત સફળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વસ્થ તથા નિયમિત આવતા બાળકોને પ્રોત્સાહિત કરી માતૃશક્તિ, પૌષ્ટિક આહાર અને ફળ-ફૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સગર્ભા માતાઓ અને કિશોરીઓ પાસેથી તેમના મહત્વપૂર્ણ



અભિપ્રાયો પણ મેળવવામાં આવ્યા હતા. સરપંચ અને મહાનુભાવોની હાજરીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને આશા વર્કરોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

બાલાસિનોરના પાંડવા ખાતે તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

બાલાસિનોર | તાલુકાના પાંડવા સ્થિત ઘનશ્યામ શૈક્ષણિક સંકુલ ખાતે સર્વોદય સેવા સંઘ અને શ્રીમતિ ધર્મવતી બેન નાથાલાલ શ્રોફ



ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સેવામૂર્તિ સ્વ. ગોવિંદભાઈ મ.ય.વંશીન. ૮૯મા જન્મદિન નિમિત્તે સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સંકુલની વિવિધ શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓ અને સંસ્થાને ઉદાર હાથે દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય અતિથિ અને નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરાયો હતો, જેમણે વિદ્યાર્થીઓને સખત પરિશ્રમ અને ધ્યેયપ્રાપ્તિ માટે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ સમારોહમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, વિવિધ શાળાઓના આચાર્યઓ, પૂર્વ શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં જાતીય રોગો અંગે અતિથી વ્યાખ્યાન યોજાયું



આણંદ | ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં NSS અને સમદારા પ્રકલ્પ અંતર્ગત 'સમુદાયિક સેવાધારા- માનવ સ્વાસ્થ્ય અને સુરક્ષા' વિષય પર અતિથી વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે આણંદ-કરમસદ મનપા હોસ્પિટલના સ્નેહલ મેકવાન, સુરેશ સોલંકી અને દિપીકા વાળંદ દ્વારા જાતીય રોગો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા ડો. દીપા સેવક તથા કોલેજના અધ્યાપક ગણના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન કેમ્પસ ડાયરેક્ટર તથા આચાર્ય જતિન પટિયાર અને સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયનએ માર્ગદર્શન આપ્યું હતું.

આણંદની પીએમ પટેલ ઇન્સ્ટિ. ખાતે 'માઇક્રોબ્લાસ્ટ 2026' સેમિનારનું આયોજન કરાયું



આણંદ | આણંદ સ્થિત પીએમ પટેલ ઇન્સ્ટિટ્યૂટ અને માઇક્રોબાયોલોજીસ્ટ સોસાયટી, ઇન્ડિયાના સહયોગથી સાયન્સ, ટેકનોલોજી અને જીવનના ક્રોસરોડ્સ પર સૂક્ષ્મજીવાણુઓ વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે એપીએમએસના પ્રમુખ બિપિનચંદ્ર પી. પટેલ, સેક્રેટરી ડો. ઇશિતાબેન પટેલ તથા સીઇઓ ડો. પાર્થ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક શિક્ષણ માટે પ્રેરિત કર્યા હતા. ટેકનિકલ સત્રોમાં નિષ્ણાત ડો. અભિ પી. શાહે મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ અને ડો. જસવંદી ઉજ્જવલ દાંડેકરે કેન્સર બાયોલોજીમાં વીસ્ટ મોડેલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

વાસદ SVIT કોલેજની બહેનોની ટીમ સતત બીજી વાર કબડ્ડી સ્પર્ધામાં ચેમ્પિયન બની

આણંદ | સારસાની સત કૈવલ કોલેજ ઓફ ફાર્મસીમાં યોજાયેલી જીટીયુ ઝોન-૩ આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં એસવીઆઈટી વાસદની



બહેનોની ટીમે ભવ્ય વિજય મેળવ્યો છે. ફાઇનલ મેચમાં એસવીઆઈટીની ટીમે જીઇસી દાહોદ સામે જીત સાથે સતત બીજી વખત ચેમ્પિયન બનવાની ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ સફળતા સાથે વિજેતા ટીમ હવે ટૂંક સમયમાં વડાસમા ખાતે યોજાનાર આગામી જીટીયુ આંતર-ઝોનલ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેશે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ, અધ્યક્ષ ભાવેશભાઈ પટેલ, આચાર્ય ડો. ડી. પી. સોની તથા સમગ્ર SVIT પરિવારે ખેલાડીઓ અને માર્ગદર્શક ડો. વિકાસ અગ્રવાલને અભિનંદન પાઠવ્યા છે.